# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૭૭૯૫ તા. ૦૬/૧૧/૨૦૧૯

પરિપત્ર- ૬૦૦૯

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ધોરણ ૧૨ માન્ય બોર્ડની પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રૂ.૧૦૦૦/- નાં ટોકન દરે NAMO e-TAB ટેબલેટ આપવામાં આવનાર છે. કે.સી.જી. અમદાવાદ ખાતેથી મળેલ સુચના મુજબ ૨૦૧૯ અગાઉના વર્ષમાં પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે જે તે કોલેજ દ્વારા આ સાથે સામેલ રાખેલ બાહેંધરી પત્રક ભરાવડાવી ટેબલેટ રજીસ્ટ્રેશન કરતા સમયે વેબસાઈટ પર અપલોડ કરવાનું રહેશે. ઉપરોક્ત બાંહેધરી આપતા સમયે જરૂરી યોગ્ય વિગતો ચકાસીને ભરાવડાવવાની જવાબદારી જે તે સંસ્થાનાં આચાર્યશ્રીની રહેશે જેની નોંધ લેશો. નવા નોંધાયેલા વિદ્યાર્થીઓ અંગેની માહિતી તારીખ ૨૨/૧૧/૨૦૧૯ સુધીમાં રજીસ્ટ્રેશન અંગેની યાદી તેમજ ફી યુનિવર્સિટીનાં ખાતામાં જમા કરાવ્યાની રસીદની નકલ મોકલી આપવા રસીદની નકલ મોકલી આપવાની રહેશે.

કા.કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બીડાણ:

- બાહેંધરી-પત્રકની નકલ

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

ગુજરાત રાજ્ય સરકારની ટેબલેટ યોજના - વર્ષ ૨૦૧૯-૨૦

**ધોરણ- ૧૦ અને ૧૨ની માન્ય બોર્ડની પરીક્ષામાં અગાઉના વર્ષોમાં ઉત્તિર્ણ થનાર અને વર્ષ ૨૦૧૯-૨૦માં ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક, ડીપ્લોમા, નર્સિંગ તથા ડી.એલ.એડ. કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર ટેબલેટ ઈચ્છુક વિદ્યાર્થીઓએ આપવાનું બાંહેધરી પત્ર**

**બાહેધરી પત્ર**

આથી હું ______________________ રહેવાસી ______________________ તાલુકો ______________ જિલ્લો ______________ નો વતની છું, હું ધોરણ- ______ (૧૦/૧૨) ની માન્ય ______________ (GSEB/CBSE/ICSE/Other) બોર્ડની પરીક્ષામાં વર્ષ ____________ માં ઉત્તિર્ણ થયેલ છું અને મેં વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ______________________ સંસ્થામાં ______________________ યુનિવર્સિટીમાં ______________ કોર્ષમાં પ્રથમ વર્ષમાં એડમીશન લીધેલ છે. રાજ્ય સરકારની ટેબલેટ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦માં ટેબલેટનો લાભ લેવા આથી બાંહેધરી લખી આપું છું કે મેં **વર્ષ ૨૦૧૯-૨૦ના અગાઉના વર્ષોમાં ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક, ડીપ્લોમા, નર્સિંગ તથા ડી.એલ.એડ. કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં એડમીશન લીધેલ _________ (છે/નથી) અને મેં અગાઉના વર્ષોમાં રાજ્ય સરકારની ટેબલેટ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટી/સંસ્થા ખાતેથી ટેબલેટ મેળવેલ _________ (છે/નથી).**

હું, આ દ્વારા, જાહેર કરું છું કે, રાજ્ય સરકારની ટેબલેટ યોજના અંતર્ગત ટેબલેટ મેળવવાના અરજી ફોર્મમાં મેં મારી યુનિવર્સિટી/સંસ્થાને પ્રદાન કરેલ અને ઉક્ત તમામ માહિતી/વિગતો સંપૂર્ણ સાચી છે. વધુમાં હું, જાહેર કરું છું કે, જો મારા દ્વારા પ્રદાન કરવામાં આવેલ ઉક્ત વિગતો/માહિતી કોઈ પણ તબક્કે ખોટી હોવાનું માલુમ પડે તો મારી અરજી રદ થઈ શકે છે અને સત્તા મારી વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે જે મને માન્ય રહેશે.

તા. ______________ વિદ્યાર્થીની સહી : ______________

સ્થળ : ______________ વિદ્યાર્થીનું નામ : ______________

વિદ્યાર્થી/વાલીનો મોબાઈલ નંબર : ______________

યુનિવર્સિટી/સંસ્થાના આચાર્યશ્રીની સહી : ______________ તારીખ : ______________

યુનિવર્સિટી/સંસ્થાના આચાર્યશ્રીનું નામ : ______________

યુનિવર્સિટી/સંસ્થાનો સિક્કો : ______________